સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

કાશ્મીરી સર્કસમાં મુફ્તી ગૂલાંટો મારે છે
વર્તને, કદી નિવેદનમાં, ગૂલાંટો મારે છે
ગૂલાંટો મારે છે અલગતાવાદના ઝૂલે -
ફેરવે પંડિતોની પથારી, ગૂલાંટો મારે છે.

હાઈકુ

નેતા રેમ્પમાં,
ને પંડિતો કેમ્પમાં -
ઐક્ય મેપમાં..
(લેને ગઇ સત્તા
ખો બેઠી મહત્તા)

ગમતા નથી,
એમને આંખે દીઠા -
(હિંદુ પંડિતો..)
દેશમાં જ દેશનિકાલ)

ચિંતન

રહસ્ય ભેદો યાંચા ચ નેષ્ઠુર્ય ચલ ચિત્તતા ।
ક્રોધો નિઃ સત્યતા ધૂતમે તન્મિત્રસ્ય દુષણં ॥

મિત્રએ ખાસ વાનગી રાખવામાં રહસ્ય છૂપી વાતને દુશ્મનો પાસે જાહેર કરી દે - વારંવાર કંઇને કંઇ ધન - વસ્તુઓની માંગણીઓ કર્યા કરે વર્તન અને વાણીથી નિષ્ઠુરતા દર્શાવે - ચિત્ત ચંચળ હોય - જુઠ્ઠું બોલવું એના માટે સ્વાભાવિક હોય જુગાર જેવાં અને વ્યસન અને ખરાબ ટેવો હોય - આ દુષ્ટ - નીચ મિત્રના લક્ષણ છે એવા મિત્રોથી દૂર રહેવું.'

અહીં દુષ્ટ - મિત્રના લક્ષણ આપવામાં છે. આવો માણસ જે મિત્ર સ્વરુપે તમારી નજીક આવે તો તેને ઓળખી તેનાથી અલગ થઇ જવું.

દુષ્ટ મિત્રના હૃદયમાં આપણી કોઇ ખાનગી-રહસ્યની વાત રહેતી નથી. આપણું કામ ખરાબ દેખાય માટે કરીને એ વાતને વધારે પ્રચાર કરે છે.

અવારનવાર કોઇને કોઇ વસ્તુ, ધનની માગણી કર્યા કરે ન મળે તો રિસામણાં કરી સંબંધ બગાડે - તેને વ્યસન - જુગાર-જુઠ્ઠું બોલવા જેવી ખરાબ આદતો હોય છે.

આવા મિત્રોથી દૂર રહેવું.

સુવિચાર

- જ્ઞાનને ગર્વ હોય છે કે હું કેટલું બધું જાણું છું, પરંતુ ડહાપણ વિનમ્ર હોય છે કે હજી ઘણું જાણવાનું બાકી છે - જ્ઞાનસૂત્ર
- બુદ્ધિમત્તા એકાંતમાં વિકાસ પામે છે, ચારિત્ર્ય જીવન સંઘર્ષમાં છે - એસ. ભટ્ટાચાર્ય
- મૂર્ખાઓની સફળતા કરતાં બુદ્ધિશાળીઓની ભૂલો વધારે માર્ગદર્શક હોય છે - વિલીયમ બ્લેક
- માત્ર મરવાથી શહીદ નથી થવાતું, મરવાનું કારણ માણસને શહીદ બનાવે છે - નેપોલિયન
- તમારી પાસે પુણ્યનું બળ ભલે પ્રચંડ હોય પણ એ બળને જો સારા સ્થળમાં ન હોય એ તારક બનવાને બદલે મારક બનીને જ રહેશે - અમૃતબિંદુ
- જે લોકો પોતાના સુખને બીજા જીવો સુધી પહોંચાડવા તત્પર છે એવા લોકો સ્વયં 'નારાયણ' જ છે - સાધુ વાસવાણી
- કાયમ યાદ રાખીએ કે પરમાત્મા એ કરુણાસાગર છે, ગુરુદેવ એ પ્રેમસાગર છે અને સાધર્મિકો એ સ્નેહ સાગર છે - જનકલ્યાણ

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આપણાં વાણી-વર્તન અને શ્રવણનો બધો આધાર આપણા સંસ્કાર પર છે. સારા મિત્રો-પવિત્ર પર્યાવરણ - અને કૌટુંબિક ઉછેર જ આ બધી બાબતો માટે જવાબદાર છે.

ગાંધીજીને 'ત્રણ વાંદરા'નું શિલ્પ ખૂબ અસર કરી ગયું હતું. ખરાબ બોલવું નથી, ખરાબ સાંભળવું નહી અને ખરાબ જોવું નહીં - નો ઉપદેશ આપતું આ શિલ્પ ગાંધીજી હંમેશ પોતાની લખવાની પાટલી પર રાખતા હતા.

એક વાર બાપુ, કોઇ કામ અંગે વિનોબાજીને મળવા ગયા. વિનોબાજી કંઇક લખતા હતા એમની પાટલી પર પેલા ત્રણ વાંદરાનું શિલ્પ તો હતું પણ તેના પાછળ એક મોટો વાંદરાનું શિલ્પ હતું એના બે હાથ માથાં પર હતા.

બાપુની નજર ચોથા વાંદરા પર પડી કે તરત જ પૂછ્યું, તમે વળી આ 'ચોથું વાંદરું' ક્યાંથી લાવ્યાં?

વિનોબાજીએ વિનયપૂર્વક જવાબ આપ્યો. બાપુ, આ ત્રણ વાંદરાનો ઉપદેશ તો બરાબર જ છે પણ ઘણો વિચાર કરતાં મને થયું, માણસ ખરાબ વિચાર ન કરે અને 'સારા વિચાર' જ કરે તો આ ત્રણે વાંદરાનો ઉપદેશ આપોઆપ આચરણમાં આવે.

બાપુએ કાન પકડ્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

રવીન્દ્રનાથ ટાગોર રચિત 'ગીતાંજલિ' બંગાળી કૃતિનો પદ્યાનુવાદ અને અર્થદ્યોતક આસ્વાદનું અનોખું પુસ્તક

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

'ગીતાંજલિ' નોબેલ પુરસ્કારથી પોંખાયેલું ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરનું ગૌરવગાન છે. માત્ર ભારતીય સાહિત્યમાં નહીં, વિશ્વ સાહિત્યમાં એનું આગવું સ્થાન છે. દોઢસો વર્ષના અર્વાચીન ભારતીય સાહિત્યની સાહિત્યકૃતિઓ પૈકી 'ગીતાંજલિ' વિશ્વ સાહિત્યમાં પ્રતિષ્ઠિત સાહિત્યકૃતિ છે. 'ગીતાંજલિ' ના અનેક ગુજરાતી અનુવાદો પૈકી એકાદ બે જ સીધા બંગાળીમાંથી થયા છે. 'ગીતાંજલિ' ના પ્રકાશનને સો વર્ષ થયા, અને નોબેલ પ્રાઇઝ મળ્યું એ ઘટનાને પણ સો વર્ષ થયાં અને રવીન્દ્ર નાથના જન્મને દોઢસો વર્ષ થયાં એ ત્રિવેણી સંગમની પુણ્ય સ્મૃતિમાં મૂળ બંગાળી કાવ્ય પરથી ગુજરાતીમાં થયેલ પદ્યાનુવાદ તેની મૂળકૃતિ સાથે આસ્વાદ સહિત મળે તો તે કાવ્યોના મર્મને રહસ્યને વાંચક પામી શકે તે હેતુને ધ્યાને લઇને પ્રગટ થયેલ પુસ્તકની વાત મારે તમને કરવી છે.

'ગીતાંજલિ ગુંજન' એવું પુસ્તક છે. જેમાં 'ગીતાંજલિ' નાં ૧૦૩ કાવ્યોના અનુવાદ અને આસ્વાદની મદદથી ભાવકો મૂળ રચનાને માણી શકે તે રીતે રજૂઆત થઇ છે. અંગ્રેજી 'ગીતાંજલિ' ને નોબેલ પ્રાઇઝ એનાયત થયા પછી સંખ્યાબંધ વિદેશી અને ભારતીય ભાષાઓની સાથે ગુજરાતીમાં પણ તેના અનુવાદો થવા લાગ્યા. અત્યાર સુધીમાં ડઝન કરતાં પણ વધુ અનુવાદો પ્રગટ થઇ ગયા છે. મોટા ભાગના અનુવાદોએ અંગ્રેજી પરથી ગુજરાતી કર્યા છે. એકાદ બે અનુવાદો એ તો હિન્દી પરથી અનુવાદ કર્યા છે. અંગ્રેજી 'ગીતાંજલિ' માં સમાવિષ્ઠ ૧૦૩ કાવ્યો કવિવર રવીન્દ્રનાથે તો બંગાળીમં રચ્યાં હતા. અને તેમણે પોતે જ અંગ્રેજી અનુવાદો કર્યા હોવા છતાં બંને ભાષાઓની પ્રકૃતિ અને સંસ્કૃતિમાં રહેલાં ભેદને કારણે અંગ્રેજી અનુવાદ સ્વાભાવિક રીતે જ મૂળ રચનાને વફાદાર રહી શક્યા નથી. અને કેટલાક કિસ્સામાં તો મૂળથી ઠીક ઠીક દૂર રહ્યા છે. અનુવાદ વિજ્ઞાન હોવાથી સાથે કળા પણ હોઇ શકે સર્જનાત્મક કૃતિના અનુવાદ કરવા કેવા કપરા છે. એ સમર્થ અનુવાદકો સારી રીતે સમજે છે. એમાંય કવિતાના અને ગીતના પદ્યાનુવાદ તો અત્યંત મુશ્કેલ છે. જે વાળ મૂળ કૃતિ અને અનુવાદની તુલનાત્મક તપાસ કરનાર સહજે સમજી શકે. અનુવાદ - આસ્વાદક એવા પ્રસાદ બ્રહ્મભટ્ટે બંગાળી, અંગ્રેજી અને ગુજરાતી રચનાઓની તુલના કરી ત્યારે તેમને એવું જણાયું કે કેટલાક ગુજરાતી અનુવાદકો તો મૂળકૃતિથી સાવ ભિન્ન છે. 'ગીતાંજલિ' ના ગુજરાતી અનુવાદકો પૈકી એક માત્ર નગીનદાસ પારેખે બંગાળી પરથી મૂળ ને શક્ય તેટલા વફાદાર રહી ગુજરાતી અનુવાદ કરવાનો પ્રયાસ કર્યો છે. તેમણે પણ કેટલાક પદ્યાનુવાદ કર્યા છે જયારે કેટલાક ગદ્યાનુવાદ કર્યા છે.



રવીન્દ્રનાથના 'ગીતાંજલિ' ની રચનાઓ સમજવી સરળ નથી. ભારતીય રહસ્યવાદની, સૂફીવાદની, વેદાંતની અસર આ રચનાો પર અનુભવાય છે. સહૃદય ભાવકો, અનુવાદના આધારે રવીન્દ્રનાથની રચનાનું રહસ્ય સમજી શકે અને સૌંદર્યને પ્રણામી શકે તે માટે પ્રસાદ બ્રહ્મભટ્ટે પ્રત્યેક રચનાની સાથે તેનો આસ્વાદ મૂળ બંગાળી કૃતિ અને તેના આધારે ગુજરાતી પદ્યાનુવાદ પણ અહીં આપ્યો છે. તે આ પુસ્તકની વિશેષતા છે. કેમ કે અનુવાદ અને આસ્વાદની મદદથી ભાવકો મૂળ રચનાને પણ માળી શકે એવા આશયથી આ પુસ્તકમાં મૂળ બંગાળી રચના અને ગુજરાતી લીપીમાં આપી છે. આ પ્રકારનું આ પ્રથમ પ્રકાશન છે.

પુસ્તકમાં બંગાળી રચના ગુજરાતી લીપીમાં આપી છે તે સાથે તે કયા વર્ષમાં રચાઇ છે. તેનો પણ ઉલ્લેખ દરેક કૃતિમાં સાથે મળે છે. વળી દરેક આસ્વાદને સુંદર મજાનું ટૂકું શિર્ષક આપ્યું છે. જે વાચકને તેના હાર્દ સુધી પહોંચવામાં મદદરુપ થાય તેવું છે. આસ્વાદ કરાવતાં તેમણે સમાંતર વિચારો ધરાવતી હિન્દી કે ગુજરાતીના જાણીતા કવિઓની કાવ્ય રચનાઓની પંક્તિઓ પણ મુકી આપી છે. જેમાં સમાંતર ભાવો પ્રગટ થયા હોય.

રવીન્દ્રનાથ ટાગોરની બંગાળી કૃતિનો પદ્યાનુવાદ અને અર્થદ્યોતક આસ્વાદ 'ગીતાંજલિ-ગુંજન' શિર્ષકથી દિવ્ય ભાસ્કર દૈનિકની રવિપૂર્તિમાં અગાઉ પ્રગટ થઇ ગયેલ છે. પણ અહીં આપણને એક સાથે આકર્ષક રુપ રંગમાં પુસ્તક આકારે પ્રાપ્ત થાય છે. તે રવીન્દ્ર અનુરાગઓ માટે મહત્ત્વની બાબત છે.

'ગીતાંજલિ ગુંજન' ના અનુવાદક આસ્વાદક પ્રસાદ બ્રહ્મભટ્ટનું મૂળવતન કડી છે. તેમનો જન્મ મહેસાણા જિલ્લાના પાલનપુર ખાતે તા. ૮-૧૦-૧૯૫૧માં થયો હતો. ગુજરાત યુનિ. અમદાવાદમાં ભાષા સાહિત્ય ભવનમાં પ્રોફેસર તરીકે સેવા આપનાર તેઓ એમ.એ., પીએચ.ડી. સુધીનો અભ્યાસ ધરાવે છે. વલ્લભ વિદ્યાનગર ખાતે હરિઉૅ એવોર્ડ પ્રાપ્ત કર્યો છે. એવા પ્રસાદ બ્રહ્મભટ્ટને અમૃતસ્યપુત્રીના અનુવાદ માટે સાહિત્ય અકાદમી દિલ્હીનું પારિતોષિક પ્રાપ્ત થયેલ છે. તેમજ 'સમીક્ષા સેતુ' વિવેચન માટે ગુજરાતી સાહિત્ય પરિષદ અને 'સરદાર પ્રસંગ પરાગ' (બાળ ચરિત્ર) માટે ગુ.સા. અકાદમીના પારિતોષિકો પ્રાપ્ત થયા છે. અનુવાદ ક્ષેત્રે તેમનું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે.

જેમ કે, નવજાતક (સુનીલ ગંગોપાધ્યાય), કથાયત્રી રવીન્દ્રનાથ ટાગોર અને ઘર, રમાપદ ચૌધરીના પુસ્તકોના અનુાદો તેમની પાસેથી મળે છે. ઉપરાંત ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, શ્રીમાતાજીનું ચરિત્ર અને વિવેકાનંદ પ્રસંગ પરાગ પણ તેમનાં મહત્ત્વપૂર્ણ પ્રકાશનો છે. 'નિશા' અને 'રાજપુરુષ' એમ બે નવલકથાઓ પણ તેમને આપી છે. વિવેચનમાં 'રાજેન્દ્ર - નિરંજન યુગની કવિતા, સાંપ્રત ગુજરાતી, નવલકથા, બાર સાહિત્ય સ્વરુપો, આદિ કવિ નરસિંહ, કથા સાગર, પદ્ય વાર્તાકાર શામળ, દૃષ્ટિ ક્ષેય, મુખ્ય છે. તેમણે સાહિત્યિક નિબંધોનું સંપાદન પણ કર્યું છે. 'વાર્તા વારિધિ' અને કવિ શિરોમણી પ્રેમાનંદ જેવા પુસ્તકો તેમણે આપ્યા છે.'

'ગીતાંજલિ ગુંજન' પ્રસાદ બ્રહ્મભટ્ટ દ્વારા એક એવું પુસ્તક મળે છે. જે રવીન્દ્રનાથ ટાગોરની વિશ્વ કવિતાને પામવા માટે ભાવકને ખુબ જ ઉપયોગી થાય તેવું છે. ગુજરાતી ભાષામાં આ પ્રકારનું પ્રથમ પુસ્તક આપવા બદલ તેમને હું અભિનંદન પાઠવું છું અને પુસ્તકને આવકારું છું.

'ગીતાંજલિ ગુંજન'
અનુવાદક - આસ્વાદક - પ્રસાદ બ્રહ્મભટ્ટ
પ્રકાશક - ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળ નાકા સામે ગાંધી માર્ગ અમદાવાદ - ૩૮૦૦૦૧
પૃષ્ઠ - ૨૪૪, કિંમત - રૂા. ૨૦૦/-, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૪

સોશિયલ મીડિયાનો પોઝીટીવ ઉપયોગ કરીને તમે ગુનેગારને પકડાવી શકો છો, સમાજમાં સ્ત્રી સાથે અભદ્ર વર્તન કરનારાં અસામાજિક તત્ત્વોને સરકારી તંત્રમાં ખુલ્લેઆમ લાંચ માગનારા કર્મચારીઓ માટે આ કિસ્સો લાલબત્તી સમાન છે

હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

સોશિયલ મીડિયાનો પ્રભાવ એટલો બધો વધ્યો છે કે ભાગ્યે જ કોઇ વ્યક્તિ તેના ઉપયોગથી બાકાત રહી હશે. જેથી વોટ્સએપ, વાઇપર, ટ્વિટર, હાઇક, ચેટઓન વગેરે જાત જાતની એપસ દ્વારા લોકો એકબીજાના સંપર્કમાં ચોવીસે કલાક રહી શકે છે. આ બધી એપ્સ દ્વારા તમે મેસેજ, ફોટોગ્રાફ્સ, વિડિયો, ઓડિયો વગેરે એકબીજાને મોકલી શકો છો. તમે જોયું હશે કે યુવાન છોકરાં-છોકરીઓ પોતાના સ્માર્ટ ફોનમાં આંગળીના ટેરવે ગપસપ કરતાં હોય છે. મોબાઇલ અને ઇન્ટરનેટના કારણે આજે દુનિયા નાની થઇ હોય તેવું લાગે છે. કોમ્યુનિકેશન એટલું સરળ થઇ ગયું છે કે, હજારો કિલોમીટર દૂર બેઠેલી વ્યક્તિ પણ તમારી સામે બેસીને વાતો કરતી હોય તેવું લાગે છે.

તમે જે પણ કંઇ કહેવામ માંગતા હોવ, દેખાડવા માંગતા હોવ કે સંભળાવવા માગતા હોવ તે વાઇરસ કરતાં પણ ઝડપથી સોશિયલ મીડિયા દ્વારા પ્રસરી જાય છે. સોશિયલ મિડિયાનું જમા પાસુ ગણો કે ઉધાર પાસુ, તમે ફ્રેન્ડના ફ્રેન્ડ કે સગાનાં ગ્રુપનાં કે અજાણ્યા લોકોને પણ ફ્રેન્ડ બનાવી શકો છો. તેમની સામે લાઇવ ચેટ પણ કરી શકો છો. તેવી જ રીતે સામેની વ્યક્તિ પણ તમારી સાથે કોમ્યુનિકેશન કરી શકે છે. ઘણીવાર અજાણ્યા વ્યક્તિઓ સાથ ગાઢ મિત્રતા બંધાઇ જાય છે. કેટલીક વ્યક્તિઓ પોતાની બનાવટી પ્રોફાઇલ બનાવીને સામેની વ્યક્તિ સાથે ઘરોબો કેળવીને તેને નુકશાન પહોંચાડતી હોય છે. આવી ઘટનાઓ અવારનવાર છાપાઓમાં ચમકતી હોય છે.

પહેલી ઓગષ્ટ ૨૦૧૪ના રોજ છાપામાં આવેલો આવો જ એક કિસ્સો જાણવા જેવો છે. કોલકાત્તાના બિરભૂમ પરગણાની આ વાત છે. એક તેત્રીસ વર્ષનો પુરુષ અભિષેક મજુમદાર સોશિયલ મીડિયા દ્વારા બેતાલીસ વર્ષની સોમા નામની મહિલાના સંપર્કમાં આવ્યો. ફક્ત સાત દિવસમાં તો બંનેએ એકબીજાના ફોન નંબરની આપ-લે પણ કરી દીધી. બંને નિયમિત રીતે એકબીજા સાથે ચેટિંગ કરવા લાગ્યા. એક દિવસ સોમાએ અભિષેકને તેના ઘરે મળવા બોલાવ્યો. જયારે બંને આમને-સામને એકબીજાને મળ્યાં ત્યારે બંનેને આઘાત લાગ્યો. કારણ કે સોશિયલ મીડિયામાં તેઓ જે રીતે વાતો કરતાં હતાં કે ફોટાઓ મૂકતાં હતા તેનાં કરતાં વાસ્તવિકતા જુદી જ હતી. આ પ્રોફાઇલ પિક્ચરમાં હેન્ડસમ બાઇકર લાગતો અભિષેક વાસ્તવમાં બટકો અને કદરુપો હતો. સોમાએ પણ પોતે પરણેલો છે અને તે સત્તર વર્ષની પુત્રીની માતા છે એ વાત છુપાવી હતી.

બંનેએ એકબીજાને છેતર્યા હતા. અભિષેક આવેશમાં આવીને સોમા સાથે સેક્સ સંબંધ બાંધવાની માગણી કરી. સોમાએ તેનો ઇન્કાર કરતાં બંને વચ્ચે મોટો ઝઘડો થયો. ઝઘડો ઝપાઝપીમાં પરિણમ્યો. ગુસ્સામાં અભિષેક રસોડામાં પડેલા ચપ્પુથી સોમા ઉપર હુમલો કર્યો અને તેની હત્યા કરી નાખી. આમ ફક્ત પંદર દિવસના એકબીજાના સોશિયલ મીડિયાના પરિચયનો કરુણ અંત આવ્યો. આ કિસ્સા પરથી એક વાત ફલિત થાય છે કે સોશિયલ મીડિયામાં પણ અજાણ્યા વ્યક્તિને ફ્રેન્ડ બનાવવી ન જોઇએ અને જો ભૂલથી પણ આવી વ્યક્તિઓ આપણાં ફ્રેન્ડ લિસ્ટમાં આવી જાય તો પણ તેની સાથે પોતાને ફોન નંબર કે બીજી કોઇ અંગત બાબત શેર ન કરવી જોઇએ.

આ ઘટનાથી ડરી જઇને સોશિયલ મીડિયાનો ઉપયોગ બંધ કરી દેવાની જરુર નથી પણ સંતર્ક બનવાની જરુર છે. જેવી રીતે આ મીડિયાના નકારાત્મક પાસાં છે. ઘણા લોકોએ સોશિયલ મીડિયા દ્વારા પોતાના સગાઓ પોતાનાં મિત્રોને શોધી કાઢયાના અનેક દાખલાઓ છે. સોશિયલ મીડિયા કેટલું પાવરફુલ છે અને તેનો સદુપયોગ કેવી રીતે કરી શકાય તે જાણવા માટે મુંબઇમાં બનેલો એક કિસ્સો કાફી છે.

૨૨ જુલાઇ ૨૦૧૪ના દિવસે ઘાટકોપરમાં જોરદાર વરસાદ પડતો હતો. તેવામાં એક વીસ વર્ષની છોકરી પોતાની પંચોત્તેર વર્ષની દાદીને દવાખાનેથી ઘરે લઇ જતી હતી. ભારે વરસાદમાં તેને રીક્ષા મળતી ન હતી. છેવટે એક રીક્ષાવાળો મળ્યો, પણ તેણે છોકરી જયાં રહેતી હતી ત્યાં જવાનો ઇન્કાર કરી દીધો. આ બાબતે છોકરી અને તેની દાદીને રીક્ષાવાળા સાથે ઝઘડો થઇ ગયો. છોકરીએ પોલીસ કંટ્રોલમાં ફોન કરીને હકીકત જણાવી. પોલીસે તેને રીક્ષાવાળાનો બેઝ નંબર, નામ અને રીક્ષા નંબર નોંધી લેવા કહ્યું. રીક્ષાવાળાને નજીકનાં પોલીસ સ્ટેશને લઇ જવાની પણ તેમણે સલાહ આપી.

છોકરીએ રીક્ષાવાળાને પોલીસ સ્ટેશને આવવા જણાવ્યું ત્યારે તે ગુસ્સે થઇને ગાળાગાળી કરવા લાગ્યો અને કહેવા લાગ્યો કે, મુંબઇનો કોઇ પોલીસવાળો મારું કઇ બગાડી શકે તેમ નથી. ત્યારબાદ થોડીકવારમાં તેમણે કેબ મળી ગઇ અને રીક્ષા ડ્રાઇવરના ફોટાઓ સોશિયલ મીડિયા પર અપલોડ કરી દીધા. તેની સાથે આખી ઘટનાનું વર્ણન પણ કર્યું. છોકરીએ અપલોડ કરેલી આ પોસ્ટ માત્ર ત્રીસ મિનિટમાં જ વાયરલ થઇ ગઇ. આ મુંબઇના પોલીસ કમિશનર રાકેશ મારિયા પાસે પહોંચી ગઇ. મારિયાએ પોતાની ટીમને રીક્ષાવાળાને પકડી લાવવા રવાના કરી. માત્ર બે જ કલાકમાં તેને પકડીને પોલીસ સ્ટેશનમાં હાજર કરવામાં આવ્યો. પોલીસે રીક્ષા ડ્રાઇવર રુદ્રપ્રતાપનું ડ્રાઇવિંગ લાયસન્સ જપ્ત કરીને તેને તે જ દિવસે કોર્ટમાં હાજર કરી દીધો.

સોશિયલ મીડિયાની તાકાતનો આ નમૂનો છે. સોશિયલ મીડિયાનો પોઝીટીવ ઉપયોગ કરીને તમે ગુનેગારને પકડાવી શકો છો. સમાજમાં સ્ત્રી સાથે અભદ્ર વર્તન કરનારાં અસામાજિક તત્ત્વોને સરકારી તંત્રમાં ખુલ્લેઆમ લાંચ માગનારા કર્મચારીઓ માટે આ કિસ્સો લાલબત્તી સમાન છે.

કેલીના શબ્દો સાંભળી પીટરને દયા આવતાં, ટેરીને ઊંચકી એની કારમાં લીધો, એને હોસ્પિટલમાં જલદી પહોંચાડવા કાર ફૂલ સ્પીડે મારી મૂકી, રસ્તામાં કેલી જે કંઇ બન્યું હતું એનો ચિતાર આપતી રહી, એ સાંભળી પીટર એના ભગવાનને ટેરીના નવજીવન માટે પ્રાર્થતો રહ્યો

લફંગો

- જય ગજ્જર

ડોરબેલ વાગતાં પીટર ઝબકીને જાગ્યો. સામે લટકતી ઘડિયાળમાં જોયું તો રાત્રિનાં સાડા બાર થયા હતો. કેલી રોજ તો સાડા અગિયાર વાગે આવી જતી. એણે ટીવીની સ્ક્રીનમાં જોયું તો ટેરીના ખભે માથું ઢાળી ઊભેલી કેલીને જોઇ. કેલી સાથે ટેરીને જોતાં એનો પિત્તો ગયો.

ટેરી મહોલ્લાનો એક લફંગો અને ગૂંડો હતો. સૌ કોઇ એ કાફરના ચારિત્ર્ય અને કારસ્તાનોથી માહિતગાર હતું એટલે સૌ એનાથી દૂર જ રહેતા. છોકરીઓની મશ્કરીઓ કરવા અને એની જાળમાં ફસાવવામાં એ પારવધો હતો. હજુ ચાર દિવસ પહેલાં તો પાડોશી જુલિયને એની દીકરી રોઝની છેડતી કરવા બદલ એને ધીબી નાખ્યો હતો અને આકરા શબ્દોમાં ચેતવણી આપી હતી, "હવે પછી મહોલ્લાની કોઇ છોકરીની છેડતી કરતો પકડાયો છે તો તારા ટાંટિયા જ તોડી નાખીશ. તને જીવતો નહિં છોડું..." પણ એ એમ સુધરે એવો ક્યાં હતો? કૂતરાની પુંછડી સો વર્ષ ભોંયમાં ઘાલો પણ વાંકી ને વાંકી જ રહે! રાત્રે સાડા બાર વાગે કેલી સાથે ટેરીને જોઇ એ ઉશ્કેરાયો. એની ફેટ પકડી એને અધમૂઓ કરવા એ અધીરો બન્યો. પણ પાછો વિચાર ઝબૂક્યો. "આપણો રૂપિયો જ ખોટો નીકળે તો બીજાનો શો વાંક?"

પડખું ફેરવી બેડમાં એ આળોટવા લાગ્યો. દરવાજે ટેરી ડોરબેલ વગાડતો રહ્યો. પાછું વિચાર્યું, "કેલી પાસે એની ચાવી તો છે પછી આ નાટક કેમ કરે છે?"

સવારના એના શબ્દો યાદ આવ્યા, "તમને બહુ પ્રેમ કરું છું એટલે ચઢી વાગ્યા છો. ઇર્ષાની હદ હોય છે! કોઇની સાથે વાત કરવાનો પણ મને હક્ક નથી? એ બિચારો જેરી મને એક બહેન ગણે છે અને તને એના નિર્દોષ પ્રેમનો કેવો ઉંધો અર્થ કરો છો? આમને આમ વર્તતા રહેશો તો સામે ચાલી પેલા ટેરીને બાથમાં લઇ તમારી સામે આવીશ તો શું કરશો?"

અને એ ચા નાસ્તો આપ્યા વિના કે એનું ટિફીન ભર્યા વિના જવાબ રુપમાં ચાલી ગઇ હતી. પીટર ગુસ્સો કરી બબડતો ઓફિસ ચાલ્યો ગયો હતો. એ બાથરુમમાંથી બહાર આવી ત્યારે પીટરને ન જોતાં એને એના શબ્દો પર પસ્તાવો થયો હતો.

એણે પણ કંઇ ખાધુ નહિં અને બારે મને ત્રણ વાગે એની ફેક્ટરીમાં કામે ગઇ. અપસેટ મને માંડ માંડ આઠ કલાક ફેક્ટરીમાં કાઢી એ ઘેર જવા નીકળી. બસ સ્ટેન્ડે બસની રાહ જોતી ઊભી હતી. એ રાત સ્ટોર્મી હતી. બહુ બરફ પડી રહ્યો હતો. બસ સ્ટેન્ડ સૂમસામ હતું. બસમાં કોઇ એંધાણ નહોતા. એવામાં બે કાળિયા બસ સ્ટેન્ડે આવ્યા. એની સામે બંદૂક ધરી એકે કહ્યું, "એય ગોરી, જીવ વહાલો હોય તો ચૂપચાપ બધા દાગીના ઊતારી એ સાથે તારી પર્સ આપી દે." અને બંદૂકનો એક ગોદો માર્યો. ખૂબ જ ગભરાયેલી કેલીએ બધું સમર્પી દીધું પણ પેલા બીજાની દાનત બગડી, "એ ય રુપસુંદરી, તારા સૌંદર્યનો થોડોક લાભ પણ આપતી જા!" અને કેલી કંઇ જવાબ આપે એ પહેલાં એના શરીરને બસ સ્ટેન્ડની બેંચ પર ચૂંથી રેપ કરી બંને ભાગી ગયા.

કેલી તો આ અચાનક હુમલાથી હેતબાઇ ગઇ. એ સવારથી ભૂખી હતી એટલે સાનભાન પણ ગુમાવી બેઠી હતી પણ હિંમત કરી બેઠી થઇ.

એ વખતે ત્યાંથી પસાર થતા ટેરીની નજર કેલી પર પડી. કાર ઊભી રાખી એણે કેલીનો હાથ પકડી ટેકો આપી એની કારમાં બેસાડી. સાડા બાર વાગે કેલીને ઘેર પહોંચી, એનો એક હાથ પકડી ટેકો આપી એના ઘરના પોર્ચમાં આવી એણે ડોરબેલ માર્યો. ભૂખને કારણે લથડિયાં ખાતી કેલીએ ટેરીના ખભા પર માથું ઢાળી દીધું. આ દૃશ્ય પીટરે ટીવીની સ્ક્રીનમાં જોયું અને એણે મગજ ગુમાવ્યું. થીજેલો બરફ કાપવા દરવાજે પડેલી કુહાડી ઉપાડી દરવાજો ખોલ્યો અને ટેરી કંઇ બોલે એ પહેલાં એના માથા પર કુહાડીનો ઘા કર્યો.

ટેરી બેભાન થઇ પોર્ચમાં ઢળી પડ્યો.

એ જોતાં જ કેલી બોલી, "આ તમે શું કર્યું? એણએ તો મને ઘેર પહોંચાડવાનું એક સત્કાર્ય કર્યું અને તમે આ બદલો આપ્યો? જલદીથી એને દવાખાનને પહોંચાડો..."

કેલીના શબ્દો સાંભળી પીટરને દયા આવતાં, ટેરીને ઊંચકી એની કારમાં લીધો. એને હોસ્પિટલમાં જલદી પહોંચાડવા કાર ફૂલ સ્પીડે મારી મૂકી. રસ્તામાં કેલી જે કંઇ બન્યું હતું એનો ચિતાર આપતી રહી. એ સાંભળી પીટર એના ભગવાનને ટેરીના નવજીવન માટે પ્રાર્થતો રહ્યો.